ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૬ | ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪, શુક્રવાર; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં આજે દેશભક્તિનો રંગ છલકાશે

## મહાનગરપાલિકાભવન અને રામકથા મેદાન ખાતે ધ્વજવંદન, ટાઉનહોલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૪ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષી શહેરમાં દેશભક્તિનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અન્વયે શહેરનો ધ્વજવંદન દેશભક્તિના ગીતો સહિત વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજના કરવામાં આવશે. સો. ૧૧ મહાનગરપાલિકાભવન અને રામકથા મેદાન ખાતે પણ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર શહેરમાં સ્વાતંત્ર પર્વની ઉજવણીને લઈ દેશભક્તિનો રંગ નિખરશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને રંગારંગ બનાવવા સરકારી તંત્ર તેમજ શહેરની વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં ભારે ઉત્સુકતા પર્વતી છે. નગરજનો પણ સ્વાતંત્ર્ય દિનને વધાવવા આતુર બન્યા છે. શહેરમાં સરકારી તંત્ર દ્વારા વિવિધ બે સ્થળે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં મહાનગરપાલિકા ભવન ખાતે સવારે ૯ કલાકે મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ ઉપરાંત રામકથા મેદાન ખાતે પણ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. પ્રભારી શ્રી એમ.એમ. ડાગુરના હસ્તે ધ્વજવંદન કરાશે. જિલ્લા પંચાયત ખાતે પણ પ્રમુખ હીનાબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. જો કે તંત્ર દ્વારા વિવિધ બે ઠેકાણે કાર્યક્રમનું આયોજન થતા અધિકારીઓ અને નાગરિકો પણ મુંઝવણમાં મુકાયા છે. શહેરમાં એક જ સ્થળે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હોત તો બધી રીતે સરળતા રહેવાની સાથે સરકારી તંત્રમાં પણ યોગ્ય સંકલન જળવાઈ શકત તેઓ પણ સૂર ઉઠવા પામ્યો છે.

શહેરની શાળા કોલેજોમાં પણ ૧૫મી ઓગસ્ટના રોજ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ ઉપરાંત ટાઉનહોલમાં પણ રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

**સ્વાતંત્ર્ય પર્વ, શીતળા સાતમ અને જન્માષ્ટમી નિમિત્તે અનુક્રમે તા. ૧૫, ૧૬, ૧૭ ઓગસ્ટ-૨૦૧૪ને શુક્રવાર, શનિવાર અને રવિવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૬, ૧૭ અને ૧૮ ઓગસ્ટના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.**

**- વ્યવસ્થાપક**

# ગાંધીનગરના શિક્ષણજગતનું ગૌરવ : બે શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો અવોર્ડ

## કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી.એમ. માધ્યમિક શાળાના આચાર્ય બચુભાઈ કે. પટેલ અને ઉચ્ચત્તર વિભાગના શિક્ષક નટુભાઈ લાડાણીની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી



ગાંધીનગર, તા. ૧૪ ગાંધીનગરની પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા શેઠ સી.એમ. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલ અને શિક્ષક શ્રી નટુભાઈ વી. લાડાણીની પસંદગી શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્ય સરકારે કરી છે. આજે આ પસંદગીને કડી સર્વ વિદ્યાલય મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે આવકારી અભિનંદન પાઠવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આજે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ૩૪ શિક્ષકોની પસંદગી રાજ્ય પારિતોષિક માટે કરી છે. પસંદગી પામેલા આ શિક્ષકોને ૫ મી સપ્ટેમ્બરના રોજ આ એવોર્ડ એક સમારોહમાં એનાયત કરવામાં આવશે.

એક જ સ્કૂલના આચાર્ય અને શિક્ષકની થયેલી પસંદગીની ઘટના ગાંધીનગર જિલ્લામાં પ્રથમવાર બની છે. શ્રી લાડાણીની ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની શ્રેણીમાં પસંદગી થઈ છે. જ્યારે બેસ્ટ આચાર્યની કેટેગરીમાં શ્રી બચુભાઈ પટેલની પસંદગી થઈ છે.

ગાંધીનગર શહેરના બે શિક્ષકોની પસંદગીથી શહેરના શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

શ્રી લાડાણી જુનાગઢ જિલ્લાના વાજોદ ગામના વતની છે. તેમણે ગાંધીનગર જેસીઝ, ગાંધીનગર જિલ્લા રાયફલ કલબ, વસાહત મંડળ સહિતના વિવિધ સામાજિક સંગઠનોમાં સેવાઓ આપી છે.

શ્રી બચુભાઈ પટેલ મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના સુરજ ગામના વતની છે. પાટણ ગણિત પરિવાર, પાટણ રોટરી પરિવારમાં રાષ્ટ્રિય સભ્ય રહેલા શ્રી પટેલે એક્સલેન્ટ ઈન્સ્ટીટ્યુટ બિલ્ડર એવોર્ડ ૨૦૧૩ માં મેળવ્યો હતો. તેમના નેતૃત્વમાં શ્રેષ્ઠ શાળા એવોર્ડ સી.એમ.પટેલને એવોર્ડ મળ્યો હતો. મૂળ ગણિત વિષય સાથે એમ.એસ.સી.નો અભ્યાસક્રમ પૂર્ણ

● અનુસંધાન પાન-૫ પર







## ૬૮માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સૌ નગરજનોને હાર્દિક શુભેચ્છા



**પ્રવિણભાઈ રાવજીભાઈ પટેલ**
પ્રમુખ
તલોદ નગરપાલિકા, તલોદ

**તલોદ નગરપાલિકા વિસ્તારના સૌ નગરજનોને દેશના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવું છું.**



આજના આ દિવસે સ્વતંત્રતાના પ્રતિક એવા રાષ્ટ્રધ્વજ સમક્ષ આપણે સૌ સાથે મળી પ્રતિજ્ઞા લઈએ કે રાષ્ટ્રધ્વજમાં રહેલો કેસરી રંગ જેસુચવે તે મુજબ દેશ માટે ત્યાગ અને બલિદાનની ભાવના રાખીશું. સફેદ રંગના સુચાવ મુજબ દેશમાં શાંતિ અને પ્રેમ જળવાય તેવું આચરણ કરીશું.લીલા રંગના સુચાવ મુજબ દેશમાં હરિયાળી ક્રાંતિ સાથે દેશ સતત પ્રગતિ કરતો રહે તેવી જાગૃતિ જગાવીશ. અને અશોક ચક્રના સુચાવ મુજબ બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખીશું.

સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રનો ભેખ ધારણ કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉચ્ચમત્તમ શિખરે દેશને લઈ જવાની નેમ ધરાવે છે ત્યારે દેશના તમામ કાર્યોમાં પૂર્ણ સહકાર સાથે યથાશક્તિ સૌનું યોગદાન એ જ આજના દિવસની રાષ્ટ્ર ધ્વજને સલામી ગણાશે. તેવી ઈચ્છા સાથે સૌને ૧૫મી ઓગસ્ટે હાર્દિક શુભેચ્છા

